## જન્મદિને વધામણી



શંભુભાઈ વિઠ્ઠલદાસ પટેલ
મો. ૭૩૫૯૪ ૩૨૭૬૦



વનરાજ દિનેશકુમાર રાઠોડ
મો. ૭૪૦૫૫ ૧૭૬૦૬

# જેસીઆઈ-જેસીરેટ વિંગ દ્વારા વિવિધ લક્ષી કાર્યક્રમોનું આયોજન



ગાંધીનગર, તા. ૧૩

શહેરની જાણીતી અને યુવાનો માટે કાર્ય કરતી સંસ્થા જેસીઆઈની જેસીરેટ વિંગ જે સ્ત્રીઓ માટે વિવિધ પ્રવૃત્તિઓ કરે છે તેનાં ચેરપર્સન રોનકબેન પંડ્યાના સફળ નેતૃત્વ હેઠલ સતત સાત દિવસ દરમિયાન સાત કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં વિવિધ પ્રકારનાં સલાડ તેમજ વેલકમ ડ્રિંક્સની કૂકિંગ કોમ્પિટિશન, બહેનોનાં સ્વાસ્થ્ય અંગે ડૉ. નીતા શેખાત દ્વારા જાગૃતિ સેમિનાર, દિવ્ય જીવન સંઘનાં ભાવનાબેન જોષી દ્વારા બહેનો માટે યોગ-પ્રાણાયામ, બાળકો અને તેમની માતાઓ માટે ડેન્ટલ ચેક-અપ તથા દાંત સંભાળની રીતો અંગે જાગૃતિ, બૅન્ક ઑફ બરોડાના ટ્રેનર ગૌતમ વ્યાસા દ્વારા કૅશલેસ ઈન્ડિયા અંતર્ગત બહેનોને ભીમ ઍપ્લીકેશન ડાઉનલોડ કરી તેનો ઉપયોગ શીખવવો અને બૅન્કની વિવિધ યોજનાઓ વિશે માહિતી આપવી, કપલ અને ફેમિલી માટે વન મિનીટ, અંતાક્ષરી અને મૅમરી જેવી રમતો, સમૂહ ભોજન જેવા કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું.

જેસીઆઈ પ્રમુખ ડૉ. પરાગી જે ગાંધી દ્વારા સમગ્ર કાર્યક્રમોની સફળતા માટે જેસીરેટ ચૅરપર્સન રોનક પંડ્યા તથા તેમની સમગ્ર ટીમને બિરદાવી અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

# રાજ્યની ૫૭ સ્કૂલમાં ધો. ૧૦માં NCERTનાં પુસ્તકો ભણાવાશે

ગાંધીનગર, તા. ૧૩

શિક્ષણ વિભાગ દ્વારા જૂન-૨૦૧૬થી રાજ્યની અંગ્રેજી માધ્યમની ૫૭ સ્કૂલોમાં ધોરણ-૯માં NCERTના પુસ્તકો અભ્યાસમાં મુકવાનો પાઈલટ પ્રોજેક્ટ મુક્યો હતો. જેની સફળતા બાદ આ ૫૭ સ્કૂલોમાં જૂન-૨૦૧૭થી શરૂ થતાં શૈક્ષણિક વર્ષથી ધો-૧૦માં NCERTના પુસ્તકો અમલમાં મુકવાનો નિર્ણય લેવાયો છે. ધો-૧૦માં માત્ર ત્રણ વિષયના જ પુસ્તકો NCERT અભ્યાસક્રમ મુજબના હશે, જ્યારે બાકીનાં પુસ્તકો ગુજરાત બોર્ડનાં જ રહેશે. જ્યારે જૂન-૨૦૧૮થી શરૂ થતા શૈક્ષણિક વર્ષથી ધો-૯ અને ધો-૧૧માં NCERTના પુસ્તકો અમલમાં મૂકવાની જાહેરાત અગાઉ રાજ્યના શિક્ષણમંત્રી દ્વારા કરાઈ હતી.

શિક્ષણ વિભાગ દ્વારા જૂન-૨૦૧૬થી રાજ્યના જુદાજુદા જિલ્લાઓમાં આવેલી ૫૭ અંગ્રેજી માધ્યમની સ્કૂલોમાં ધો-૯માં NCERTનાં પુસ્તકોનો અભ્યાસ કરાવવાનો પાઈલટ પ્રોજેક્ટ અમલમાં મૂક્યો હતો. આ પાઈલટ પ્રોજેક્ટમાં અમદાવાદની ૨૩ સ્કૂલો, સુરતની ૧૮, વડોદરાની ૪, મહેસાણાની ૩, સુરેન્દ્રનગરની ૨, ગાંધીનગરની ૨, અરવલ્લીની ૧, ખેડાની ૧, પંચમહાલની ૧, આણંદની ૧ અને બનાસકાંઠાની ૧ સ્કૂલનો સમાવેશ કરાયો હતો. દરમિયાન પાઈલટ પ્રોજેક્ટના અમલ બાદ તાજેતરમાં શિક્ષણ વિભાગ દ્વારા આ સ્કૂલોના આચાર્ય સાથે બેઠક યોજી પ્રોજેક્ટની સમીક્ષા કરી હતી. જેમાં ધો-૯માં NCERTનાં પુસ્તકોના અભ્યાસનો પ્રોજેક્ટ સફળ થયો હોવાથી તેનો અમલ ધો-૧૦માં પણ કરવો જોઈએ તેવો અભિપ્રાય સ્કૂલના આચાર્યોએ આપ્યો હતો. દરમિયાન હવે જૂન-૨૦૧૭થી શરૂ થતા શૈક્ષણિક વર્ષથી જે ૫૭ સ્કૂલોમાં પાઈલટ પ્રોજેક્ટ અમલમાં હતો તે સ્કૂલોમાં ધો-૧૦માં પણ NCERTનાં પુસ્તકોથી જ અભ્યાસ કરાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. એટલે કે, જે ૫૭ સ્કૂલોમાં NCERTનાં પુસ્તકોથી અભ્યાસ કરાવવાનો પાઈલટ પ્રોજેક્ટ અમલમાં હતો તે સ્કૂલોમાં પ્રોજેક્ટ ચાલુ રહેશે. ધો-૧૦માં ગણિત, વિજ્ઞાન અને ટેક્નોલોજી તથા અંગ્રેજી વિષયમાં NCERTનાં પાઠ્યપુસ્તકોનો અભ્યાસ કરાવવાનો રહેશે. આમ, હવે ધો-૧૦માં પણ પાઈલટ પ્રોજેક્ટ ધરાવતી સ્કૂલોમાં NCERTનાં પુસ્તકોથી જ અભ્યાસ કરાવવામાં આવશે. ઉપરાંત જૂન-૨૦૧૮થી શરૂ થતા શૈક્ષણિક વર્ષથી રાજ્યની તમામ સ્કૂલોમાં ધો-૯ અને ધો-૧૧માં NCERTનાં પુસ્તકો અમલમાં મૂકવાની જાહેરાત પણ તાજેતરમાં રાજ્યના શિક્ષણમંત્રીએ કરી હતી. જેમાં ધો-૯માં ગણિત, વિજ્ઞાન અને ટેક્નોલોજી તથા અંગ્રેજી વિષયનો અભ્યાસક્રમ NCERTનો હશે, જ્યારે ધો-૧૧માં ગણિત, ભૌતિકશાસ્ત્ર, રસાયણશાસ્ત્ર અને જીવ વિજ્ઞાનના પુસ્તકો NCERT મુજબના હશે. ત્યાર પછીના વર્ષે એટલે કે જૂન-૨૦૧૯થી ધો-૧૦ અને ધો-૧૨માં પણ NCERTનાં પુસ્તકો અમલમાં મૂકવામાં આવશે. આમ, રાજ્યની સ્કૂલોમાં તબક્કાવાર ધો-૯થી ૧૨માં NCERTનો અભ્યાસક્રમ અમલી બનશે.

## ડાયરેક્ટ ❤ સે

અહીં
એસી રૂમમાં પણ
એક બગાસું
રમે
સંતાકૂકડી
અને
ત્યાં સામે
ફૂટપાથ પર
ઉંઘની મહેફિલ જામી છે

**જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય.**

**- સંપાદક**

## ૧૭ એપ્રીલે સામુહિક આરોગ્ય કેન્દ્ર વિરમગામ ખાતે સર્વરોગ નિદાન કેમ્પ તથા મહા રક્તદાન શિબિર

ગાંધીનગર, તા. ૧૫

૫૭મા ગુજરાત સ્થાપના દિન (ગૌરવ દિન)ની ઉજવણી નિમિત્તે દરેક અમદાવાદ જિલ્લાના તમામ તાલુકા મથકે સર્વ રોગ નિદાન-સારવાર કેમ્પ તાલુકાના સામુહિક આરોગ્ય કેન્દ્રો ખાતે યોજાનાર છે. જે અંતર્ગત વિરમગામ તાલુકામાં ૧૭ એપ્રીલ ૨૦૧૭ના રોજ સવારે ૯.૦૦ થી ૨.૦૦ કલાક સુધી સામુહિક આરોગ્ય કેન્દ્ર (ગાંધી હોસ્પીટલ) વિરમગામ ખાતે સર્વરોગ નિદાન કેમ્પ તથા મહા રક્તદાન શિબિરનું આયોજન કરવામાં આવેલ છે.

વિરમગામ તાલુકા હેલ્થ ઓફિસર ડો.વિરલ વાઘેલાએ જણાવ્યુ હતુ કે ૧૭ એપ્રીલ ૨૦૧૭ને સોમવારના રોજ ગુજરાત સરકારશ્રીના આરોગ્ય વિભાગ દ્વારા નિઃશુલ્ક સર્વરોગ નિદાન કેમ્પ અને સારવાર કેમ્પનું આયોજન સામુહિક આરોગ્ય કેન્દ્ર વિરમગામ ખાતે કરવામાં આવેલ છે. જેમાં હદય, કિડની, દાંત, આંખ, બાળરોગ, સ્ત્રીરોગ નિષ્ણાત ડોકટરો દ્વારા તપાસ અને સારવાર આપવામાં આવશે. તેમજ ડાયાબિટીસ અને હિમોગ્લોબીનની તપાસ અને સારવાર આપવામાં આવશે જેનો બહોળી સંખ્યામાં જન સમુદાયને લાભ લેવા અનુરોધ કરાયો છે. આ સાથે મહા રક્તદાન શિબીરનું આયોજન સવારે ૯.૦૦ કલાકથી કરવામાં આવેલ છે.

ગુજરાત રાજ્ય એકાંકી નાટ્ય સ્પર્ધા-૨૦૧૬-૧૭માં

# સિનિયર કલાકાર અખ્તર સૈયદને શ્રેષ્ઠ અભિનેતા તરીકેનું પારિતોષિક



ગાંધીનગર, તા. ૧૫

ગાંધીનગરના સિનિયર નાટ્ય કલાકાર અખ્તર સૈયદને ગુજરાત રાજ્ય એકાંકી નાટ્ય સ્પર્ધા-૨૦૧૬માં શ્રેષ્ઠ અભિનેતા તરીકેનું પારિતોષિક પ્રાપ્ત થયું છે.

ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમી દ્વારા ગત માસે આણંદ ખાતે રાજ્ય કક્ષાની એકાંકી નાટ્ય સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં અખ્તર સૈયદ ગૃપ, ગાંધીનગર તરફથી પ્રવીણ સોલંકી લિખિત નાટક 'મળવા જેવા માણસો' પ્રસ્તુત કરવામાં આવ્યું હતું. આ નાટકના મુખ્ય પાત્ર માટે અખ્ત સૈયદે અભિનય આપ્યો હતો, જે માટે તેમને શ્રેષ્ઠ અભિનેતા તરીકેનું પારિતોષિક પ્રાપ્ત થયું છે.

ઉલ્લેખનીય છે કે અખ્તર સૈયદને નાટ્ય માટે આ ૧૪મું પારિતોષિક મળ્યું છે. આ અગાઉ ૧૩ વખત તેઓ રાષ્ટ્ર ને રાજ્ય કક્ષાએ ઍવોર્ડ પ્રાપ્ત કરી ચૂક્યા છે.

ઉલ્લેખનીય છે કે રાજ્ય સરકારમાંથી પ્રથમ વર્ગના અધિકારી તરીકે નિવૃત્ત થયેલા અખ્તર સૈયદ ગુજરાતી તખ્તા પર સતત સક્રિય છે અને નવી પેઢીને સાથે રાખીને તખ્તાની સેવા કરી રહ્યા છે અને નાટકોમાં અભિનય તથા દિગ્દર્શન આપી રહ્યા છે. હવે તો તેમના સુપુત્ર આદિલ પણ પિતાના પગલે ચાલીને નાટકોમાં પદાર્પણ કરી ચૂક્યા છે ને આ કારણે હવે પિતા-પુત્ર સાથે મળીને રંગભૂમિને જીવંત બનાવી રહ્યા છે.

અખ્તર સૈયદનો શ્રેષ્ઠ અભિનયના આ રાજ્ય પારિતોષિક બદલ ગાંધીનગરની કલાપ્રેમી જનતા તરફથી અભિનંદન પાઠવવામાં આવ્યા છે.

### અખ્ત સૈયદનાં એવોર્ડ વિનીંગ નાટકો

**રાષ્ટ્રકક્ષાએ**

- 'સાથિયામાં એક રંગ ઓછો', શ્રેષ્ઠ દિગ્દર્શક (૧૯૮૪)
- 'મહાભોજ', શ્રેષ્ઠ અભિનેતા (૧૯૮૭)
- 'બેગમ કા તકિયા', રાષ્ટ્રકક્ષાએ વિજેતા નાટક (૧૯૮૮)
- 'પત્નીદાન', શ્રેષ્ઠ અભિનેતા (૧૯૮૯)
- 'પુરુષ', શ્રેષ્ઠ અભિનેતા
- 'ડંખ', શ્રેષ્ઠ અભિનેતા
- 'સૂરજ કી પહેલી કિરણ સે સૂરજ કી અંતિમ કિરણ તક', શ્રેષ્ઠ અભિનય માટે બે ઍવોર્ડ (અખ્તર સૈયદ અને ભીખુ પંચાલ)
- 'મહાપ્રસ્થાન', શ્રેષ્ઠ અભિનેતા
- 'કોને કહું' શ્રેષ્ઠ અભિનેતા
- 'મોક્ષ' શ્રેષ્ઠ અભિનેતા

**રાજ્યકક્ષાએ**

- 'ડંખ' શ્રેષ્ઠ અભિનેતા
- 'પ્રતિક્ષા' શ્રેષ્ઠ અભિનેતા
- 'પગલા ઘોડા' શ્રેષ્ઠ અભિનેતા (૨૦૧૧-૧૨ અને ૨૦૧૫-૧૬)
- 'મળવા જેવા માણસો', શ્રેષ્ઠ અભિનેતા (૨૦૧૬-૧૭)

# જુસિકા દ્વારા ચકલીઘરનું વિતરણ





ગાંધીનગરની સેવા સંસ્થા જુનિયર સિટિઝન કાઉન્સિલ દ્વારા ઉનાળાની ગરમી સામે પક્ષીઓને રાહત મળી રહે તે માટે બે હજાર જેટલાં ચકલીઘરનું વિતરણ કરવામાં આવ્યું હતું. જુસિકા સંચાલિત મુક્તિધામ ખાતે આ વિતરણ હાથ ધરવામાં આવ્યું હતું. પ્રકૃતિ અને પક્ષીપ્રેમી અનેક નગરજનોએ આ ચકલીઘર સ્વીકારીને 'ચકલી'ઓને શહેરમાં પુનઃસ્થાપિત કરવા માટેના પ્રયત્નમાં પોતાનું યોગદાન આપ્યું હતું.

# ગાંધીનગર મુક્તિધામ ખાતે આંબેડકર જયંતિ ઉજવાઈ

## ડૉ. આંબેડકરની પ્રતિમાને પુષ્પાંજલિ અને જુસિકા દ્વારા ૧૦૦ લિટર છાશનું વિતરણ કરવામાં આવ્યું

ગાંધીનગર, તા. ૧૫

દેવાધિદેવ મહાદેવના ઘર એવા મુક્તિધામ ખાતે સમાજને સમરસ, શિક્ષિત, સંગઠિત બનાવનાર બંધારણના ઘડવૈયા એવા મહાપુરુષ સ્વ. બાબાસાહેબ આંબેડકરની પ્રતિમાને મુક્તિધામના સ્ટાફ દ્વારા પુષ્પાંજલિ અર્પણ કરવામાં આવી હતી. આ ઉપરાંત મુક્તિધામ ખાતે આવનારા ડાઘુઓએ પણ ડૉ. આંબેડકરની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરી હતી. મુક્તિધામની સંચાલક સંસ્થા જુનિયર સિટિઝન કાઉન્સિલ દ્વારા ૧૦૦ લિટર ઠંડી છાશનું પણ વિતરણ આ પ્રસંગે કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સૌરાષ્ટ્ર કચ્છ સમાજ સેવાના ઍમ ઍમ સોલંકી, મહેન્દ્રભાઈ રાઠોડ, પ્રકાશ બારોટ, જીલુભા ધાધલ ઉપરાંત કિસાન મોરચા, ગુજરાત પ્રદેશ પ્રમુખ બાબુભાઈ જેબલીયા અને પંચાયત પસંદગી સેવા મંડળના, સભ્ય પ્રશાંતભાઈ વાળા ઉપસ્થિત રહ્યા હતા.

# અદાણી ઈન્સ્ટિ.ના ફેસ્ટિવલમાં ૩૦થી વધુ કોલેજોએ ભાગ લીધો

ગાંધીનગર, તા. ૧૫

અદાણી ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ફ્રાસ્ટ્રક્ચર મેનેજમેન્ટ એન્ડ એન્જિનિયરિંગ દ્વારા ત્રણ દિવસના એન્યુઅલ સ્પોર્ટ્સ એન્ડ કલ્ચરલ ફેસ્ટિવલ એસ્પાયર-૨૦૧૭નું આયોજન થયું હતું. આ ફેસ્ટિવલમાં ૩૦થી વધુ ઈન્સ્ટિટ્યૂટ્સ અને કોલેજીસે ભાગ લીધો હતો.

આ ફેસ્ટિવલના પ્રથમ દિવસે વિવિધ સ્પોર્ટ્સ ટુર્નામેન્ટ્સનું આયોજન થયું હતું. જેમાં ક્રિકેટ, બેડમિન્ટન, વોલીબોલ, ફૂટબોલમાં ઉપરાંત ચેસ જેવી રમતો પણ યોજાઇ હતી. જ્યારે કલ્ચરલ ઈવેન્ટ્સમાં માઈમ, સ્ટ્રીટ પ્લે, ફેસ પેઈન્ટિંગ જેવી વિવિધ પ્રકારની સ્પર્ધાઓ યોજાઇ હતી. બીજા દિવસે દિવસ દરમિયાન ડાન્સ કોમ્પિટિશન જેવી સ્પર્ધાઓ તેમજ વિવિધ સ્પોર્ટ્સ ટૂર્નામેન્ટના ફાઈનલ રાઉન્ડ યોજાશે. તેમજ કબીર કાફેનું પર્ફોર્મન્સ હતું. ત્યારબાદ ત્રીજા દિવસે ફેશન શો, ડાન્સ અને સિંગિંગ કોમ્પિટિશન તેમજ વિવિધ વિજેતાઓને ઈનામ વિત્તરણ અને કેટલીક કલ્ચરલ કોમ્પિટિશનના ફાઈન્લ રાઉન્ડ યોજાયા હતા. જેમાં વિવિધ ઈન્સ્ટિટ્યૂટના વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લઈને પોતાનું શ્રેષ્ઠ પ્રદર્શન કર્યુ હતું.


આ ફેસ્ટિવલની પૂર્ણાહૂતિ મુંબઈના જાણીતા કોમેડિયન ચિરાયુ મિસ્ત્રી અને આકાશ મહેતાના કોમેડી ફેક્ટરી શો સાથે થઈ હતી. અંતિમ દિવસે ફાઈનલ રાઉન્ડ્ઝ અને ઈનામ વિતરણ માટે શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા ખાસ હાજર રહ્યા હતા. જ્યારે ફેશન શો તેમજ સિંગિંગ જેવી સ્પર્ધાઓના નિર્ણાયકો તરીકે સેલેબ્રિટી જજીસ હાજર રહ્યા હતા. સિંગિંગ કોમ્પિટિશન માટે પાર્થિવ ગોહિલ તેમજ જીગર ગઢવી, ડાન્સ અને ફેશન શો માટે પૂર્વ મિસીસ ઈન્ડિયા જિમ્મી નંદા અને ઋજુ દેસાઇ, ઈક્વિનોક્સના મેનેજિંગ ડિરેક્ટર આશિત શાહ તેમજ ફેસનિસ્ટા પૂર્વા શાહ ખાસ હાજર રહ્યા હતાં. ફેશન શોના ફાઈનલિસ્ટ્સ સાથે જિમ્મી નંદાએ કેટ વોક કરીને તેમનો ઉત્સાહ વધાર્યો હતો.

# સમાજ અને રાષ્ટ્રનિર્માણ માટે શિક્ષકની ભૂમિકા અગત્યની

વર્ષ ૨૦૧૫માં શિક્ષક દિવસ નિમિત્તે આયોજિત કૉમ્પિટિશન માટે દેશના બે હજાર જેટલાં શિક્ષકોએ શિક્ષણ અંગે પોતાના નિબંધ તૈયાર કર્યા હતા, જે પૈકી ૧૫૦ જેટલાં શિક્ષકોના નિબંધો પસંદ કરીને વિવા ઍજ્યુકેશન દ્વારા તાજેતરમાં એક પુસ્તક તૈયાર કરવામાં આવ્યું છે : 'ટીચર્સ ટિચિંગ : સિલેક્ટેડ ઍસેઝ ફ્રૉમ ટિચર્સ ડે કોમ્પિટિશન'. સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત ઍસ જી ઈંગ્લિશ મીડિયમ સ્કૂલનાં આચાર્ય મિલિ સિંઘનો નિબંધ આ પુસ્તકમાં સ્થાન પામ્યો છે. ઉલ્લેખનીય છે કે ગુજરાતભરમાંથી માત્ર બે જ શિક્ષકોના નિબંધ આ પુસ્તકમાં સ્થાન પામ્યા છે, જે પૈકી મિલિ સિંઘ એક છે.

તેમના દ્વારા તૈયાર કરવામાં આવેલા આ નિબંધનો મુખ્ય સૂર વાચકો માટે અહીં ખાસ પ્રસ્તુત કરીએ છીએ :

સમાજ અને રાષ્ટ્રનિર્માણ માટે શિક્ષક અગત્યની ભૂમિકા ભજવે છે.







એક જાણીતું વાક્ય છે કે, 'તમારે કોઈપણ રાષ્ટ્રની નાગરિકતાને તોડી





knn786@gmail.com

પાડવી હોય તો એ માટેના ત્રણ રસ્તા છે : કુટુંબ માળખું (માતા), શિક્ષણ (શિક્ષક)ને તોડી પાડો અને તેમના રૉલ મૉડેલ્સને નીચા દેખાડો.' આ પરથી અંદાજ આવી શકે કે શિક્ષકની મહત્તા કેટલી હશે.

આપણા દેશમાં કુદરતી અને માનવીય બંને પ્રકારના સ્ત્રોત વિકાસ માટે પ્રાપ્ય છે ત્યારે મારું સૂચન છે કે ઍક્ટીવિટી બેઝ્ડ લર્નીંગમાં આપણાં મૂલ્યો ઉમેરીને મોટા ફેરફારો કરવા જોઈએ. જો આપણે મૂલ્ય આધારિત ગેમ્સનું આયોજન કરીએ અને દરેક ગેમમાં એક અથવા બે મૂલ્ય ઉમેરીએ તો એ વિદ્યાર્થીને તેનાં અભ્યાસનાં પ્રકરણો પ્રાયોગિક રીતે સમજવામાં વધુ સહાયભૂત થશે. ગેમ્સમાં મૂલ્યોનું અનુસંધાન એ આપણી મહાન સંસ્કૃતિ મુજબનું હોવું જોઈએ. આમ કરવાથી આપણે ભવિષ્યનાં કાર્યક્ષમ ઍમ્પ્લેઈઝ તૈયાર કરી શકીશું. જો આપણે સ્વામી વિવેકાનંદ અને ડૉ. એ પી જે અબ્દુલકલામ જેવા વ્યક્તિવિશેષ તૈયાર કરવા હશે તો આપણે નવી પેઢીમાં નૈતિક અને આધ્યાત્મિક મૂલ્યો વધારવા તરફ ધ્યાન આપવું પડશે. પ્રત્યેત વ્યક્તિમાં કંઈક ખાસિયત છૂપાયેલી છે અને તેની યોગ્ય સંભાળ રાખવાની છે એવી ભાવના સૌપ્રથમ આપણે કેળવવાની છે. આ ભાવના માટે વ્યક્તિની વય કે જાતિ મહત્ત્વની નથી. આપણે આપણી આવતીકાલની પેઢીમાં નૈતિક, આધ્યાત્મિક અને માનવીય મૂલ્યોનું ઉમેરણ કરીને એક ઉજ્જવળ આવતીકાલનું નિર્માણ કરી શકીશું. આવાં મૂલ્યો આપણે અભ્યાસ અને ઈતર પ્રવૃત્તિઓના માધ્યમથી આપણી નવી પેઢીમાં ઉમેરી શકીએ. આ માટે આપણે આપણી અંતરદષ્ટિ અને રાષ્ટ્રવિકાસ માટે જરૂરી બાબતો અને કામો અંગેની હકીકતો શોધી કાઢવાની ક્ષમતા વિકસાવવી પડશે. આપણે એ પણ સમજી લેવું પડશે શિક્ષણમાં બદલાવ એ એક લાંબા સમયની પ્રક્રિયા છે. આપણી પુરાતન સંસ્કૃતિ અને પુસ્તકોને સંમિલિત કરીને એક એવો અભ્યાસક્રમ ઘડી કાઢવાની આવશ્યકતા છે કે જે સમાજ અને રાષ્ટ્રની સાચી જરૂરિયાત છે.

માર્ટિન લ્યુથર કિંગ જુનિયરનું વાક્ય છે : 'ઈન્ટેલિજન્સ અને કૅરેક્ટર એ સાચા શિક્ષણનું ધ્યેય છે.'

## વાચકોને આમંત્રણ

### સંવેદના વિભાગમાં સ્વાનુભવો લખવા

લેખકો, વાચકોનું પ્રિય અને ગાંધીનગરનું પ્રથમ દૈનિક સમાચારપત્ર 'ગાંધીનગર સમાચાર' લખવા માગતા વાચકો માટે સંવેદના વિભાગ શરૂ કરી ચૂક્યું છે અને આ માટે લખવા સૌને આમંત્રણ આપે છે. આ વિભાગ અંતર્ગત દર માસે અલગ-અલગ વિષયો આપવામાં આવે છે, જે માટે વાચકોએ લખાણ મોકલવાનું હોય છે. વિભાગ દર સોમવારે પ્રકાશિત કરવામાં આવે છે. કોઈપણ વાચક આ લખાણ મોકલી શકે છે, જે તેના નામ સાથે પ્રકાશિત કરાશે. હા, લખાણની લંબાઈ અને એડિટિંગનો અધિકાર અખબાર અબાધિત રાખે છે. વાચકોને વિનંતી છે કે શબ્દોની મર્યાદા ૧૫૦ સુધી રાખવામાં આવે. આ વખતનો વિષય છે :

**'મારું માયાળુ મોસાળ'**